Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 1, June 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ

**પરમાર ધ્યાનિકા કે.**
M.A (મનોવિજ્ઞાન)

## સારાંશ

પ્રસ્તુત સંશોધનનો હેતુ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં સ્ત્રી અને પુરુષોનો વ્યક્તિત્વના ૫ પરિમાણોના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો. અહીં ૨×૨ ફેકટોરિયલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો. આ સંશોધન માટે જ્યોહન.એ.પી., ડોનાહ્યુ.ઈ.એમ. અને કેટલ આર.સી. દ્વારા રચિત બિગ ફાઇવ ઈનવેન્ટ્રી નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સંશોધનિકા મૂળ અંગ્રેજી આવૃતિમાં છે. પરંતુ તેનો ગુજરાતી ભાષાનુવાદ રામિલા મારુ (૨૦૦૮) દ્વારા કરવામાં આવ્યો છે જેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભુજ શહેરની કોલેજોમાંથી ચિઠ્ઠી પદ્ધત્તિ દ્વારા યાદચ્છિક રીતે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના કુલ ૧૨૦ દર્દીઓનો નમૂનો પસંદ કર્યો. પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ 't' પરીક્ષણ દ્વારા કરવામાં આવ્યું. પ્રસ્તુત સંશોધનના તારણો માં જોવા મળે છે કે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિધ્યાર્થીઓના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. અને સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

**૧) પ્રસ્તાવના** :

સામાન્ય રીતે વ્યક્તિત્વ એ કોઈ પણ એક વ્યક્તિના વ્યવહાર, અભિરુચિ, યોગ્યતા, કૌશલ્યો, ગુણો, મર્યાદાઓ વગેરે દર્શાવે છે. જેના દ્વારા તે વ્યક્તિને અન્ય વ્યક્તિ થી જુદા પડી શકાય. સામાન્ય રીતે કોઈપણ બે વ્યક્તિઓ સમાન હોતા નથી. વ્યક્તિત્વ પરથી માનવીના વર્તનનો અંદાજો લગાવી શકાય છે. કહવે છે કે,"વ્યક્તિ વ્યક્તિએ અલગ અલગ વ્યક્તિત્વ". વ્યક્તિત્વના અભ્યાસમાં જુદા જુદા માનવી વચ્ચે વર્તનની વિચિત્રતાનો સમાવેશ થાય છે. વ્યક્તિત્વના વિકાસની પ્રક્રિયા લાંબી અને જટિલ છે. વ્યક્તિત્વનું બંધારણ જાણવા માટે વ્યક્તિત્વના માપન કરવા માટેની ઘણી બધી પધ્ધતિઓ શોધવામાં આવી છે. આ માપનને વ્યવસ્થિત કરવા માટે મનોવૈજ્ઞાનિકોએ કેટલાક તારણો કાઢી વ્યક્તિત્વ ખાસિયતોના વિવિધ સમૂહ બનાવ્યા છે. કુટુંબ, શાળા, પાડોશી, વ્યવસાય, લગ્નજીવન, સંસ્કૃતિ વગરે વ્યક્તિત્વને અસર કરે છે અને તેના ઘડતરમાં મદરૂપ થાય છે. આ વ્યક્તિત્વ એ મનોવિજ્ઞાન વિષયનો એક મહત્વનો વિષય બની રહ્યો છે. દરેક વ્યક્તિ માં અમુક ગુણો હોય છે જે અન્ય વ્યક્તિઓમાં હોતા નથી. સામાન્ય રીતે વ્યક્તિત્વનો અર્થ વ્યક્તિના બહાર ના ગુણો પર થી જાણવામાં આવે છે. પરંતુ મનોવિજ્ઞાન વિષયમાં વ્યક્તિત્વનો સંબંધ વ્યક્તિના આંતરિક તત્વો કે ગુણો સાથે છે.મોટાભાગના વ્યક્તિ જ્યારે કોઈ વ્યક્તિની વિશિષ્ટ્તા વિષે વાત કરતાં હોય છે ત્યારે તેઓ વ્યક્તિત્વનો સંદર્ભ ટાંકે છે.

સામાન્ય માન્યતા પ્રમાણે ,

- “વ્યક્તિત્વ એટલે વ્યક્તિની અન્ય માણસો ઉપર ઉપસતી છાપ.”
- “વ્યક્તિત્વ એ વ્યક્તિનું વાતાવરણ સાથેનું લાક્ષણિક, નિરાળું, અને સુસંવાદિત સમાયોજન છે.” -સોરેન્સ અને મામ
- “વ્યક્તિત્વ એ છે જેના દ્વારા આપણે ભવિષ્યવાણી કરી શકીએ છીએ, કે કોઈ વ્યક્તિ કઈ પરિસ્થિતિમાં શું કરશે.” - આર.બી.કૈટલ

ટૂંકમાં, વ્યક્તિત્વ એટ્લે વ્યક્તિમાં રહેલી શક્તિ, મર્યાદાઓ, તેના ગમા-અણગમા, વ્યવહાર, કૌશલ્યો આ બધાજ નું સંગઠન.

મહાજન રેમિયા (૨૦૧૪) “personality and subjective well being of social network site users” અંગે અભ્યાસ કર્યો. તેના તારણો બતાવે છે કે બહિર્મુખતાની બાબતે સ્ત્રી અને પુરુષ સોશિયલ મીડિયા ઉપયોગકર્તામાં સાર્થક તફાવત જોવા મળે છે. એસ.કે.અનીઝા(૨૦૧૦) “

personality and adjustment of people with HIV positive and cancer patient" અંગે અભ્યાસ કર્યો. જેનો હેતુ HIV અને cancerના દર્દીઓ અને સ્વસ્થ વ્યક્તિઓના વ્યક્તિત્વનો અભ્યાસ કરવાનો હતો. તેના તારણો બતાવે છે કે HIV અને કેન્સરના દર્દીઓ અને સ્વસ્થ દર્દીઓ વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

**૨) હેતુ** :

૧) સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના વ્યક્તિત્વનો અભ્યાસ.

૨) સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં સ્ત્રી અને પુરુષોના વ્યક્તિત્વનો અભ્યાસ.

**3) સંશોધન પદ્ધતિ**:

(અ) પરિવર્ત્ય –

પ્રસ્તુત સંશોધનના પરિવર્ત્યો નીચે પ્રમાણે છે

1. **સ્વતંત્ર પરિવર્ત્ય** -
   a. જાતિ (સ્ત્રી અને પુરુષ)
   b. પ્રવાહ (સામાન્ય અને વિજ્ઞાન)
2. **અવલંબિત પરિવર્ત્ય** –

દરેક નમૂનાના વ્યક્તિત્વ કસોટી પર પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંક.

**(બ) ઉતકલ્પનાઓ-**

પ્રસ્તુત અધ્યયનમાં સ્વતંત્ર પરિવર્ત્યો જેવા કે જાતિ(સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ(સામાન્ય અને વિજ્ઞાન) ને ધ્યાનમાં રાખીને નીચે મુજબ શૂન્ય ઉતકલ્પનાઓ બંધવામાં આવે છે.

1. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓના બહિર્મુખતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.
2. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં સ્ત્રીઓ અને પુરુષોના બહિર્મુખતાના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**(ક) વ્યાપવિશ્વ અને નમૂનો-**

પ્રસ્તુત અધ્યયનમાં વ્યાપવિશ્વ તરીકે ભુજ શહેરનો સમાવેશ કરવામાં આવ્યો. વ્યાપવિશ્વમાથી ભુજ શહેરની કોલેજોમાંથી સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિધ્યાર્થીઓમાંથી ચિઠ્ઠી નાખી સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની પધ્ધતિથી નમૂનો લેવાનું નક્કી કર્યું. જેથી ઝોકની અસરને દૂર કરી શકાય. આ રીતે કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો. જેમાં ૬૦ સ્ત્રીઓ તેમાં પણ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતી ૩૦ અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી ૩૦ સ્ત્રીઓને પસંદ કરવામાં આવી. અને ૬૦ પુરુષો જેમાં સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં ૩૦ અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં ૩૦ પુરૂષોને પસંદ કરવામાં આવ્યા.

**(૩) સાધનો-**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રિત કરવા નીચેના સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો

**1. વ્યક્તિગત માહિતીપત્રક –**

વિધ્યાર્થી ઓના વ્યક્તિગત પરિવર્ત્યો જેવા કે જાતિ(સ્ત્રી અને પુરૂષ) અને પ્રવાહ(સામાન્ય અને વિજ્ઞાન) વગેરેને લગતી માહિતી એકત્રિત કરવા માટે વ્યક્તિગત માહિતીપત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો.

**2. બિગ ફાઇવ વ્યક્તિત્વ સંશોધનિકા-**

જ્યોહન.એ.પી., ડોનાહ્યુ.ઇ.એમ. અને કેન્ટલ આર.સી. દ્વારા રચિત બિગ ફાઇવ ઇન્વેન્ટરીના ગુજરાતી રૂપાંતર કે જે રામિલા મારુ દ્વારા ૨૦૦૮માં કરવામાં આવ્યું હતું,તેનો ઉપયોગ કરવામાં આવ્યો. જેમાં કુલ ૪૪ વિધાનો છે. અને આ વિધાનો દ્વારા કુલ 5 વ્યક્તિત્વ ઘટકો(બહિર્મુખતા, સહમતતા, કર્તવ્યનિષ્ઠા, ખુલ્લાપણું અને મનોવિક્ષુબ્ધતા)નું માપન કરી શકાય છે. જેમાંથી પ્રસ્તુત અધ્યાયનમાં બહિર્મુખતાના ઘટકનું માપન કરવામાં આવ્યું. આ એક લિકર્ટ પ્રકારની 5 પોઈન્ટ સ્કેલ છે. જેમાં દરેક વિધાનની સામે સંપૂર્ણ સહમત, અસહમત, તટસ્થ, સહમત, સંપૂર્ણ સહમત જેવા પાંચ વૈકલ્પિક પ્રતિચરો આપેલા છે. વિધાયક વિધાનો માટે 1, 2, 3, 4, 5 એમ ગુણાંકન કરવાનું હોય છે અને નિષેધક વિધાનો માટે 5, 4, 3, 2, 1 એમ ગુણાંકન કરવાનું હોય છે. આ સંશોધનિકાના સમગ્ર પ્રાપ્તાંક પરનો આલ્ફા વિશ્વસનિયતા આંક 0.83 જેટલો છે. જ્યારે પ્રમાણિત યથાર્થતા 0.90 થી 0.92 જેટલી દર્શાવેલી છે.

**4) સંશોધન યોજના**

બે સ્વતંત્ર પરિવર્તયોની અલગ અલગ અસર તપાસવા માટે 2×2 ફેકટોરિયલ ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવ્યો. અહીં જાતિ(સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ(સામાન્ય અને વિજ્ઞાન) એમ નિદર્શ લેવામાં આવ્યો. કુલ 120 નો નિદર્શ લેવામાં આવ્યો.

**5) પ્રક્રિયા અને અર્થઘટન-**

બિગ ફાઇવ સંશોધનિકામાં કુલ 44 વિધાનો છે. જેમાં લાગુ પડતાં વિધાનની સામે ✓ ની નિશાની કરવામાં આવે છે. વિધાયક વિધાનો માટે 1, 2, 3, 4, 5 એમ ગુણાંકન કરવાનું હોય છે અને નિષેધક વિધાનો માટે 5, 4, 3, 2, 1 એમ ગુણાંકન કરવાનું હોય છે. આમાં જેમ પ્રાપ્તાંક ઊંચા તેમ વ્યક્તિમાં જે-તે લક્ષણનું પ્રમાણ પણ ઊંચું તેમાં અર્થઘટન કરવાનું છે.

**6) આંકડાકીય પ્રયુક્તિ-**

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતીનું સ્કોરિંગ કી ના આધારે મૂલ્યાંકન કરી નીચે મુજબની આંકડાકીય પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો.

**'t' પરીક્ષણ**

જાતિ (સ્ત્રી અને પુરુષ) અને પ્રવાહ (સામાન્ય અને વિજ્ઞાન) ના વ્યક્તિત્વના વિવિધ પાસાના માપન માટે પ્રાપ્ત થયેલા પ્રાપ્તાંકોનું જાતિ અને પ્રવાહના આધારે મધ્યક, પ્રમાણિત વિચલન અને ટી ગુણોત્તર શોધવામાં આવ્યો. તેમજ ચકાસણી ૦.૦૫ ની સાર્થકતાની કક્ષાએ તપાસવામાં આવ્યું.

**7) પરિણામ ચર્ચા અને અર્થઘટન**

**સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિધાર્થીઓના બહિર્મુખતાના પ્રાપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રમાણિત વિચલન અને "ટી" મૂલ્ય દર્શાવતો કોષ્ટક**

| જુથ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન (SD) | "t" મૂલ્ય | Sign |
|---|---|---|---|---|---|
| સામાન્ય પ્રવાહ | ૬૦ | ૨૪.03 | ૨.૮૩ | ૩.૭૫ | ૦.૦૫ |
| વિજ્ઞાન પ્રવાહ | ૬૦ | ૨૨.0૮ | ૨.૮૨ | | |

df=118, 0.05 level of signi. 1.98

કોષ્ટક 1 માં જોતાં જણાય છે કે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિધ્યાર્થીઓના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં રચવામાં આવેલ ઉતકલ્પના “સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિધ્યાર્થીઓના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી”. અહી શૂન્ય ઉતકલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આના કારણ તરીકે એવું કહી શકાય કે સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહના વિધ્યાર્થીઓની સરખામણીમાં અન્ય લોકો સાથે આંતરક્રિયા અને સમાયોજન કરવાની ક્ષમતા વધારે હોય છે. ઉપરાંત તેમણે પોતાની અભિરુર્ચિઓને પૂર્ણ કરવાની તક વધુ મળતા તેઓ સ્વભાવે વધુ વાચાળ હોય છે.

**કોષ્ટક નં. 2**

**સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતાના પ્રાપ્તાંકોના અનુસંધાને મધ્યક, પ્રમાણિત વિચલન અને “ટી” મૂલ્ય દર્શાવતુ કોષ્ટક**

| જાતિ | કુલ સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન (SD) | “t” મૂલ્ય | Sign |
|---|---|---|---|---|---|
| સ્ત્રી | ૬૦ | ૨૨.૦૮ | ૨.૩૧ | ૨.૬૩ | ૦.૦૫ |
| પુરુષ | ૬૦ | ૨૩.૯૫ | ૧૦.૦૫ | | |

df=118, 0.05 level of signi. 1.98

કોષ્ટક નં. 2 માં જોતાં જણાય છે કે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસમાં રચવામાં આવેલ ઉતકલ્પના “સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.” અહીં શૂન્ય ઉતકલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.તેથી કહી શકાય કે સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. આના કારણ તરીકે કહી શકાય કે છોકરાઓને છોકરીઓની સરખામણીમાં સમાજમાં વધારે તકો આપવામાં આવે છે અને સ્વતંત્રતા પણ વધુ આપવામાં આવે છે. જેથી તેઓ અન્ય લોકો સાથે આંતરક્રિયા કરી પોતાની લાગણીઓની મુક્ત અભિવ્યક્તિ કરી શકે છે. જેથી બહિર્મુખતા વધારે જોવા મળે છે.

**8. તારણો-**

1. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિધ્યાર્થીઓના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

2. સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહમાં ભણતા સ્ત્રી અને પુરુષોના બહિર્મુખતના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.

**9. સંદર્ભ ગ્રંથ-**


અનિઝા એસ કે, (૨૦૧૦). Personality and adjustment of people with HIV positive and cancer patient. Ph.D.Thesis, કેરેલા યુનિવર્સિટી, કેરલ.

મહાજન રેમિયા, (૨૦૧૪). Personality and subjective well-being of social network Site users. Ph.D.Thesis, જમ્મુ યુનિવર્સિટી, જમ્મુ-કશ્મીર.

સોજીત્રા જે એ, (૨૦૧૩). "મનોવૈજ્ઞાનિક નિબંધો".પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.

**Websites**

- https://www.hindkeguru.com
- https://shodhganga.infibnct.ac.in
- https://www.verywellmind.com
- https://www.hi.m.wikipedia.org
- https://www.personalityperfect.com